# બાળકના અસ્તિત્વનો ઉત્સવ : બાળ પ્રવેશોત્સવ

ડૉ.નિષાદ ઓઝા
સિનિયર લેકચરરલ DIET,IDAR

૧.પ્રાસ્તાવિક

ભરપૂર ધીંગામસ્તી, હવાફેર માટે આઉટીંગ, શેરી રમતોભર્યું વેકેશન ખતમ થવામાં આવશે અને ઉપલા વર્ગમાં પહોંચનારા બાળકોમાં આનંદ પ્રસરશે, તદ્દન પહેલી વખત શાળામાં પ્રવેશવાના હશે તેવા બાળકો અને તેના વાલીઓ બંનેમાં અજંપો પ્રવર્તશે. આનંદ અને અજંપાભરી આવી પરિસ્થિતિઓ વચ્ચે સરકારશ્રીની બાળકોના પ્રવેશોત્સવની જાહેરાતો અને પ્રોત્સાહનો પરિપત્રો શાળાઓ સુધી, પ્રચાર માધ્યમો થકી લોકો સુધી પહોંચશે. આ વાતાવરણ વચ્ચે જોતજોતામાં એ દિવસ આવી પહોંચશે કે જે દિવસે નાના-નાના ટાબરિયાં ખભા પર નાનકડું દફતર લઈ કેટલાંક રડતાં-રડતાં તો કેટલાંક સૂનમૂન ચહેરા સાથે શાળાના તોરણ બાંધેલા પ્રવેશદ્વારમાં પ્રવેશ કરશે. પાંત્રીસ-પાંત્રીસ દિવસથી સૂનાં પડેલાં વિદ્યાલયોનાં પ્રાંગણ બાળકોના આગમનથી મ્હોરી ઊઠશે, કિલ્લોલ કરી ઊઠશે અને આવું કિલ્લોમય વાતાવરણ સમગ્ર વર્ષ દરમ્યાન સચવાય તો જ બાળકોનો પ્રવેશોત્સવ તેના અસ્તિત્વનો ઉત્સવ બની રહે. આવો, ડોકીયું કરીએ બાળકના અસ્તિત્વની સંકલ્પનાની ભીતરમાં....

૨.બાળકના શાળા સાથેના સાખ્યભાવમાં વાલીની ભૂમિકા

ઉંમર થાય એટલે પોતાના બાળકને શાળામાં મોકલવાની ઈચ્છા દરેક વાલીને હોય તે સ્વાભાવિક છે પણ શાળામાં બેસાડવાના અમુક સમય પહેલાં તેને માનસિક રીતે તૈયાર કરવામાં વાલીએ મહત્ત્વની ભૂમિકા અદા કરવાની થાય છે. પાંચ વરસનું બાળક શાળામાં બેસાડવાનો સમય આવે એ વખતે રોતું-કકળતું શાળામાં આવે. અન્ય રડતાં બાળકોને જોઈને શાંત રહેલાં બાળકો પણ વધુ જોરથી રડે. વર્ગમાં બેસાડ્યું હોય ત્યાંથી ભાગીને વાલી જતાં હોય એમની પાછળ દોડે અને વાલી તેમજ તે બાળકની પાછળ દોડતા શિક્ષક એને ટીંગાટોળી કરી ફરી વર્ગમાં બેસાડે. આવાં દૃશ્યોના પાયામાં શાળામાં બેસાડવાની પૂર્વભૂમિકામાં રહેલી વાલીની કચાશ છે. બાળક બે-ત્રણ વરસનું થાય ત્યારે તેને અમસ્તાં-અમસ્તાં પણ નજીકની શાળા બતાવવા લઈ જવામાં આવે, અનુકૂળતા હોય તો શાળાના શિક્ષકો અને આચાર્ય સાથે બેસી થોડી વાતો કરી સમયાંતરે એને શાળામાં રમવા દેવામાં આવે અને આ સઘળું એકથી વધુ વખત પુનરાવર્તન પામે તો શાળા એ બાળક માટે તદ્દન નવું સ્થાન ન બની રહેતાં તેના માટે સાહજિક બની રહેશે. બાળક શાળામાં જવાની જીદ કરે એ માટે આ ભૂમિકા જરૂરી છે.

૩.બાળક સાથેનો આત્મભાવ

પોતાના પરિવારનું સઘળું વાતાવરણ છોડી જ્યારે બાળક શાળામાં પ્રવેશ મેળવે છે ત્યારે એના કુમળા મનમાં ન કહી શકે એવી ઘણી મૂઝવણો રમતી હોય છે. આવા સંજોગોમાં બાળકના મનમાં શાળા પરિવાર માટે પણ આત્મભાવ જાગે તેવા સહાનુભૂતિપૂર્ણ વ્યવહારો થાય તો એ પોતાના પરિવાર જેવી અનુભૂતિ કરશે. બાળકના આત્મિક અને સાર્વત્રિક વિકાસ માટે શાળા પરિવારનો આત્મીય ભાવ ખૂબ મહત્ત્વનું પરિબળ છે.

૪. ભયમુક્ત વાતાવરણનું સર્જન

શાળામાં પ્રથમ વખત પ્રવેશ પામેલું બાળક શાળામાં ત્યારે જ સ્થાયીપણે રહેવા માટે માનસિક રીતે સહમત થાય છે જ્યારે શાળામાં કોઈપણ પ્રકારના અજંપાને સ્થાન ન હોય. નજીવી ભૂલ પર શિક્ષકનો ગુસ્સો, અંગૂઠા પકડાવવાનું વલણ, વર્ગની

બહાર ઊભા રાખવાનું નિયમિતપણું વગેરે બાબતો બાળકમાં એક પ્રકારનો ભય જન્માવે છે અને એને કારણે બાળક ક્યારેક શાળામાંથી ઘેર જવા માટે રડે છે અથવા તો બીજે દિવસે શાળાએ જવા આનાકાની કરે છે. આથી જરૂરી છે કે પ્રવેશોત્સવના પહેલા તબક્કામાં બાળકના કુમળા મનમાં શાળા વિશેનું એવા આનંદભય વાતાવરણનું નિર્માણ થાય કે નવાં પ્રવેશ પામેલાં બાળકો બહુ જ ઓછા સમયમાં શાળામાં હોંશે-હોંશે સ્થાયી થાય.

### ૫.પ્રવૃત્તિમય અભિગમ

નવાં પ્રવેશ પામનારાં બાળકોની યાદી હવે તો પહેલેથી જ લોક સંપર્ક થકી શાળાના શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવતી હોય છે. એટલે અંદાજ આવી જતો હોય છે કે કેટલાં બાળકો શાળામાં પ્રવેશ મેળવશે. આ અંદાજને આધારે પૂર્વ આયોજનના ભાગરૂપે આવનારાં બાળકો માટે બાળગીતો, બાળવાર્તા, અભિનય ગીતો, બાળ રમતો જેવી પ્રવૃત્તિઓ વિશે વિચારી શકાય. નાના બાળકો માટે પ્રવૃત્તિમય પ્રવેશ એ આનંદની અનુભૂતિ કરાવનાર બની રહે છે. આ પ્રવૃત્તિઓના આયોજનમાં ઉપલા ધોરણના બાળકોની પણ મદદ લઈ શકાય. રંગલા-રંગલીની વેશભૂશા, વિવિધ પ્રકારના પપેટ આ બધું નાનકડાં ભૂલકાંઓ માટે આનંદ અને આશ્ચર્ય પમાડે તેવું હોય છે. આ પ્રકારે પ્રવેશોત્સવ કરવા થોડું પૂર્વમનોમંથન થાય તો પ્રવેશોત્સવ મ્હોરી ઊઠે.

### ૬.કક્કા-બારાક્ષરીનો કચવાટ

લગ્ન પછી નવદંપતી ઘણા સમય પછી સમજણની દૃષ્ટિએ બે પાંદડે થતું હોય છે. તરત જ એને બધી જ સામાજિકતાઓને નિભાવવાનું, એના નિયમોને અનુસરવાનું જ્ઞાન પ્રાપ્ત થઈ જતું નથી. નાના બાળકોનું પણ એવું જ છે. માંડ માંડ શાળાના નવા પર્યાવરણમાં અનુકૂલન સાધવા માનસિક મથામણ કરતા બાળક પર કક્કા-બારાક્ષરીનું જ્ઞાન લાદવાનો પ્રયાસ એ એને મન કચવાટ માત્ર બની રહે છે. પ્રવેશ મેળવ્યા પછી વર્ગખંડમાં આવેલાં બાળકોને એમને ગમતી પ્રવૃત્તિઓમાં જોતરી એનું અવલોકન કરી અને ધીમે-ધીમે સમયને પારખીને રમતાં-રમતાં એને ઔપચારિક શિક્ષણની દિશામાં દોરવામાં આવે તો પ્રવેશનું સ્થાયીકરણ કરો એવી જાહેરાતોના ખર્ચમાં પણ ઘટાડો થશે.

### ૭. અપેક્ષાઓનું આધિપત્ય

શાળામાં પ્રવેશના સમયે બાળકના મનમાં ન સમજાય તેવી અપેક્ષાઓનું આધિપત્ય હોય છે. આ આધિપત્યને તોડવાનું કામ શાળા પરિવારે કૌટુંબિક વાતાવરણ ઊભું કરીને કરવાનું છે.ડીગ્રીનો ભાર ખંખેરીને, બાળકમય બનીને, તેનો વિશ્વાસ સંપાદન કરીને અને એ રીતે તેને પોતાનું બનાવીને એની અપેક્ષાઓને નવીન અપેક્ષાઓ તરફ દોરવાનું કાર્ય શાળા થકી થાય તો પ્રવેશોત્સવની સફળતા બેવડાય.

### ૮. બાળકોના અસ્તિત્વનું ગાન

બાળ પ્રવેશોત્સવની પ્રક્રિયાને માત્ર ઔપચારિક વિધિ તરીકે પૂરી થયાનો આત્મસંતોષ ન માનતાં શાળા દ્વારા બાળકના આગમનનું, શાળામાં તેના અસ્તિત્વનું કેટલું મૂલ્ય છે તેનું ગાન થાય તે જરૂરી છે. પ્રવેશ મેળવેલ તમામ બાળકોને સમૂહમાં બેસાડીને - ‘‘તમારા આવવાથી અમને ખૂબ જ મજા આવી. અમારી શાળામાં પહેલેથી જ ભણતા તમારા જેવા જ વિદ્યાર્થીઓને પણ તમને જોઈને ખૂબ જ આનંદ થયો, તમે આવ્યા એથી શાળા ફરી બોલતી થઈ ગઈ. તમારી સાથે ગીતો ગાવાથી, તમારી સાથે બાળવાર્તાઓ વહેંચવાથી, તમારી સાથે વિવિધ રતો રમવાથી અમને અને આખી શાળાના વિદ્યાર્થીઓને ખૂબ જ મજા પડશે. બોલો, તમને બાળવાર્તાઓ, બાળગીતો, અભિનય ગીતો, જોવા-સાંભળવા ગમશે ને ?તમને નવી-નવી રમતો રમવામાં મજા પડશે ને ? તમને નવા-નવા દોસ્તો બનાવવા ગમશે ને ?’’ - આ પ્રકારનું એમની કક્ષા અનુસારનું ઉદ્દબોધન કરવામાં આવે તો બાળકમાં આત્મવિશ્વાસનો સંચાર થશે. એને શાળામાં પોતીકાપણું લાગશે, તેને શાળામાં પોતાનું કંઈક અસ્તિત્વ છે તેનો અહેસાસ થશે. બાળકોની શાળા પ્રીતિ વધારવા આવું ઉદ્દબોધન ઘણું પૌષ્ટિક બની રહેશે. રાષ્ટ્રગાનની સાથે-સાથે સમયાંતરે

બાળકના અસ્તિત્વનું પણ ગાન થાય તો પ્રવેશોત્સવ ખરેખર બાળકના અસ્તિત્વનો ઉત્સવ બની રહે અને એ યાદ રાખવું રહે કે બીજા ઉત્સવો જેટલું જ આ ઉત્સવનું પણ મહત્ત્વ છે.

૯. ઉપસંહાર

બાળક એ શાળાનો પ્રાણ છે. પ્રાણ વિનાનું શરીર એ શબ છે. તેમ બાળક વિનાની શાળા સ્મશાન છે. જો આ હકીકતની ગંભીરતાને સમજી લેવામાં આવે તો આપોઆપ એ બાબત સમજાઈ જાય કે બાળકના શાળા પ્રવેશને 'પ્રવેશ-ઉત્સવ' તરીકે કેમ ઊજવવામાં આવે છે ? બાળક એના માતા-પિતાના મનનું ઘરેણું છે. મનનું ઘરેણું એટલે આત્મા. વાલી જ્યારે પોતાના આત્મા સમાન બાળકલને પોતાનાથી અલગ કરીને શાળાએ મૂકતાં હોય ત્યારે સ્વાભાવિક છે કે એમના અસ્તિત્વનું મૂલ્યાંકન પણ એ ઊંચાઈએ થાય. એટલા માટે આ લેખનું શીર્ષક પણ એવું જ રાખ્યું છે- 'બાળકના અસ્તિત્વનો ઉત્સવઃબાળ પ્રવેશોત્સવ.'